**એકસ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ખાલિસ્તાની પન્નુન એર ઈન્ડિયાના પ્લેનને ફૂંકી મારી શકે?

**ખાલિસ્તાની** આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુન ફરી વરતાયો છે. શિખ્સ ફોર જસ્ટિસ નામે પ્રતિબંધિત સંગઠન ચલાવતા પન્નુને એક નવો વીડિયો બહાર પાડીને એર ઈન્ડિયાના વિમાનને ઉડાવી દેવાની ધમકી આપી છે. પન્નુને ધમકી આપી છે કે, ૧૯ નવેમ્બરે એર ઈન્ડિયાનાં વિમાનોમાં પ્રવાસ કરનારા લોકોના જીવને જોખમ છે. પન્નુને શીખોને ૧૯ નવેમ્બર પછી એર ઈન્ડિયાના વિમાનોમાં પ્રવાસ નહીં કરવા પણ સલાહ આપી છે. ૧૯ નવેમ્બરે ભૂતપૂર્વ વડા પ્રધાન સ્વ. ઈંદિરા ગાંધીની જન્મ જયંતિ છે અને વર્લ્ડ કપની ફાઈનલ પણ છે.

ગુરપતવંતસિંહ પન્નુને વીડિયોમાં વાનકુંવરથી લંડન સુધી એર ઈન્ડિયાની નાકાબંધી કરવાનો હુંકાર કરીને કહ્યું છે કે, અમે સીખોને ૧૯ નવેમ્બરે એર ઈન્ડિયાની ફ્લાઈટમાં પ્રવાસ નહીં કરવાનું કહી રહ્યા છીએ કેમ કે એ દિવસે વૈશ્વિક નાકાબંધી થશે. એર ઈન્ડિયામાં પ્રવાસ કરશો તો તમારો જીવ જોખમમાં આવી શકે છે. ૧૯ નવેમ્બરે દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ બંધ રહેશે અને તેનું નામ બદલી નંખાશે એવો હુંકાર પણ પન્નુને કર્યો છે.

પન્નુને એવી ફિશિયારી પણ મારી છે કે, આપણે જ્યારે પંજાબને આઝાદ કરાવીશું ત્યારે દિલ્હી એરપોર્ટનું નામ શહીદ બિયંત સિંહ અને શહીદ સતવંત સિંહ એરપોર્ટ રાખવામાં આવશે. સતવંત અને બિયંત ઈન્દિરા ગાંધીના અંગરક્ષકો હતા. બંનેએ ઓપરેશન બ્લૂસ્ટારના વિરોધમાં ૩૧ ઑક્ટોબર, ૧૯૮૪ના રોજ હત્યા કરી નાંખી હતી. પન્નુનો દાવો છે કે પંજાબની ભારતથી આઝાદી નિશ્ચિત છે. હવે ભારતે નક્કી કરવાનું છે કે, તેને બુલેટ જોઈએ છે કે બેલેટ જોઈએ છે.

પન્નુને આ પ્રકારની ધમકીએ વારંવાર આપ્યા કરે છે. આ જ ગુરપતવંતસિંહ પન્નુને વર્લ્ડ કપ શરૂ થતાં પહેલાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આતંકી હુમલાની ધમકી આપી હતી પણ વર્લ્ડ કપમાં હજુ સુધી કશું થયું નથી. હવે ૧૯ નવેમ્બરે વર્લ્ડ કપની ફાઈનલ રમાવાની છે ત્યારે તેણે ફરી હુમલાની ધમકી આપી છે.

હમાસના આતંકીઓએ ૭ ઑક્ટોબરે ઈઝરાયલ પર આક્રમણ કર્યું ત્યારે પણ પન્નુને ધમકી આપેલી કે, ભારત ઈઝરાયલ પરના હુમલામાંથી બોધપાઠ લે અને સુધરી જાય, નહિંતર ભારતમાં પણ આવા હુમલા થશે. પંજાબથી પેલેસ્ટાઈન સુધીની ધરતી પર ગેરકાયદે કબજો કરનારા લોકો સામે આવાં જ રિએક્શન આવશે અને ભયાનક હિંસા થશે.

ત્રણેક મહિના પહેલાં અમેરિકાના સાન ફ્રાન્સિસ્કોમાં ખાલિસ્તાનવાદીઓએ ભારતીય કોન્સ્યુલેટને સળગાવી દીધું પછી ખાલિસ્તાનવાદીઓએ સોશિયલ મીડિયા પર કિલ ઈન્ડિયા પોસ્ટર ફરતાં કરીને ભારતીય રાજદ્વારીઓની હત્યાની હાકલ કરી હતી. યુકેના લંડન, ઑસ્ટ્રેલિયાના મેલબોર્ન, કેનેડામાં ટોરન્ટો અને વેનકુંવર તથા યુએસનાં ઘણાં શહેરોમાં આઠ જુલાઈએ ખાલિસ્તાનવાદીઓ ભારત વિરોધી રેલી કાઢવાનું એલાન કરેલું.

પન્નુને એ વખતે વીડિયો બહાર પાડીને દાવો કરેલો કે, કિલ ઈન્ડિયા પોસ્ટર્સ પોતે જ લગાવ્યાં છે અને પોતાના નાના ભાઈ હરદીપસિંહ નિજ્જરની હત્યાનો બદલો લઈને જ રહેશે. પન્નુને ફિશિયારી મારેલી કે, ભારતીય એમ્બેસી કે ઓફિસ છે એ તમામ દેશોમાં કિલ ઈન્ડિયા પોસ્ટર્સ લગાવીને ભારતીય રાજદ્વારીઓને નિશાન બનાવાશે. દુનિયાના ૩૫ દેશોમાં ખાલિસ્તાનવાદીઓ કામ કરે છે અને આ બધા જ નિજ્જરની હત્યાનો બદલો લેવા આતુર છે.

પન્નુન આ રીતે છાસવારે ધમકીઓ આપ્યા કરે છે અને શિખ્સ ફોર જસ્ટિસની દુકાન ચલાવ્યા કરે છે. પન્નુની મોટા ભાગની ધમકીઓ પોકળ સાબિત થઈ છે તેથી કોઈ તેને ગંભીરતાથી લેતું નથી. પન્નુ ભસ્યા કરે છે પણ કરડવાની તેનામા તાકાત નથી એવી છાપ પડી ગઈ છે. આ જ કારણે એર ઈન્ડિયાના વિમાનને ઉડાવી દેવાની પન્નુની ધમકીને પણ બહુ ગંભીરતાથી નથી લેવાઈ રહી પણ ભારતી ગુપ્તચર તંત્ર માને છે કે, પન્નુને પોતાની ધમકીનો અમલ કરવા સક્ષમ છે અને ૧૯૮૫ની એર ઈન્ડિયાના પ્લેનને ફૂંકી મારવાની આતંકવાદી ઘટનાનું પુનરાવર્તન કરી શકે છે.

ખાલિસ્તાનવાદી ત્રાસવાદીઓએ ૧૯૮૫માં એર ઈન્ડિયાનું વિમાન કનિષ્ક ઉડાવી દીધું હતું, જેમાં ૩૨૯ પેસેન્જર માર્યા ગયા હતા. મૃતકોમાં ૨૬૮ કેનેડિયન નાગરિકો હતા અને તેમાંથી મોટા ભાગના ભારતીય મૂળના હતા. મતલબ કે શીખ હતા. ખાલિસ્તાનવાદીઓએ કરેલો આ સૌથી મોટો આતંકી હુમલો છે ને ભારતીય ગુપ્તચર તંત્રના મતે, પન્નુન પાસે આ ઘટનાને દોહરાવવાની ક્ષમતા છે તેથી તેની ધમકીને હળવાશથી ના લેવી જોઈએ.

મોન્ટ્રીલથી મુંબઈ જઈ રહેલી એર ઈન્ડિયાન ફ્લાઈટ ૧૮૨ને બબ્બર ખાલસાના આતંકીઓએ ૨૩ લજ-ન ૧૯૮૫ના રોજ ઉડાવી દીધી હતી. આતંકીઓએ ફ્લાઈટમાં ગોઠવેલા બોમ્બના કારણે કનિષ્ક વિમાન એટલાન્ટિક મહાસાગર પરથી પસાર થતું હતું ત્યારે જ હવામાં ઊડી ગયેલું ને તેના અવશેષો આયર્લેન્ડ પાસે સમુદ્રમાં પડ્યા હતા. જમીનથી ૩૧ હજાર ફૂટની ઊંચાઈએ કરાયેલા બ્લાસ્ટના કારણે વિમાનના પેસેન્જર્સના ફૂરચેફૂરચા ઊડી ગયેલા.

આ હુમલાના મૃતકોમાં ૨૪ ભારતીય અને ૨૭ બ્રિટિશ નાગરિકો પણ હતા કેમ કે આ ફ્લાઈટ લંડન થઈને દિલ્હી જવાની હતી ને પછી મુંબઈ જવાની હતી. એર ઈન્ડિયાના પ્લેનને ઊડાવી દેવાની આતંકવાદી ઘટના નાઈન ઈલેવનના અલ કાયદાના આતંકી હુમલા લગી સૌથી ભીષણ પ્લેન આતંકી ઘટના હતી. આ આતંકી હુમલાનો માસ્ટરમાઈન્ડ ઈન્દરજીતસિંહ રેયાત હતો. બ્રિટન અને કેનેડા બંનેની નાગરિકતા ધરાવતા રેયાતને કેનેડાના ખાલિસ્તાનવાદી તલવિંદરસિંહ પરમારે સાથ આપેલો. રેવાત ૨૦૦૩મા દોષિત ઠરેલો. જે બોમ્બથી વિમાનને ઊડાવી દેવાયું એ બોમ્બ એક સૂટકેસમાં મૂકેલો હતો. આ સૂટકેસ પ્લેનમાં મૂકી જનારો કદી ના પકડાયો ને રેયાત સિવાય કોઈને આ કેસમાં સજા ના થઈ. રેયાતને પણ માત્ર ૧૫ વર્ષની સજા થયેલી.

ભારતીય ગુપ્તચર તંત્રના મતે, ખાલિસ્તાનના સમર્થકો ખાલિસ્તાની આંદોલનને ફરી સક્રિય કરવાના પ્રયાસ કરી રહ્યા છે પણ શીખો તેનાથી દૂર છે. ખાલિસ્તાની આતંકીઓને લાગે છે કે, શીખો તેમને ગંભીરતાથી નથી લેતા કેમ કે આતંકીઓ કશું કરી રહ્યા નથી, ખાલી વાતો કરે છે. ખાલિસ્તાની આતંકીઓ પોતાની નોંધ લેવડાવવા માટે કોઈ મોટો કાંડ કરવા માગે છે ને એર ઈન્ડિયાનું પ્લેન ઊડાવી દેવાની યોજના એ મોટો કાંડ બની શકે છે. કેનેડા ઉપરાંત બ્રિટન, પાકિસ્તાન અને અમેરિકામાં ખાલિસ્તાન સમર્થકોનું પ્રમાણ અને જોર નોંધપાત્ર છે. કેનેડાએ ખાલિસ્તાની આતંકવાદ સાથે સંકળાયેલાં સંગઠનો બબ્બર ખાલસા ઈન્ટરનેશલ અને ઈન્ટરનેશનલ શીખ યુથ ફેડરેશન પર પ્રતિબંધ મૂક્યા છે પણ અદરખાને આ સંગઠનો સક્રિય છે જ એ જોતાં ભારતે સતર્ક રહેવું જોઈએ. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(દક્ષિણાયન સૌર હેમંતઋતુ), બુધવાર, તા. ૮-૧૧-૨૦૨૩, ભદ્રા સમાપ્તિ

- ભારતીય દિનાંક ૧૭, માહે કાર્તિક, શકે ૧૯૪૫
- વિક્રમ સંવત ૨૦૭૯, શા. શકે ૧૯૪૫, આશ્વિન વદ-૧૦
- જૈન વીર સંવત ૨૫૪૯, માહે આશ્વિન, તિથિ વદ-૧૦
- પારસી શહેનશાહી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૪થો તીર, સને ૧૩૯૩
- પારસી ફસલી રોજ ૨૩મો દએપદીન, માહે ૮મો આવાં, સને ૧૩૯૨
- મુસ્લિમ રોજ ૨૩મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૫
- મીસરી રોજ ૨૫મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૫
- નક્ષત્ર પૂર્વાફાલ્ગુની રાત્રે ક. ૧૯-૧૮ સુધી, પછી ઉત્તરા ફાલ્ગુની.
- ચંદ્ર સિંહમાં મધ્યરાત્રિ પછી ક. ૨૬-૦૦ સુધી (તા. ૯મી), પછી કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ), કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૩, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૦ સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૧, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૭ સ્ટા. ટા.

-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-

- ભરતી : સવારે ક. ૦૮-૩૮, રાત્રે ક. ૨૧-૨૫
- ઓટઃ બપોરે ક. ૧૫-૦૪, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૫૯ (તા. ૯)
- વ્રતપર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૭૯, 'આનંદ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૫, 'શોભન' નામ સંવત્સર, આશ્વિન કૃષ્ણ- દસમી. ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૮-૨૪.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રીસુક્ત અભિષેક, બુધ ગ્રહદેવતાનું પૂજન, પરગામપ્રયાણ મધ્યમ, વિદ્યારંભ, માલ વેંચવો, ધાન્ય ઘરે લાવવું, પશુ લે-વેંચ, ઘર, ખેતર, જમીન મકાન, લેવડદેવડ, સરકારી અધિકારીઓ, કાયદાના કામકાજ માટે મુલાકાત, વ્યવસાયના જૂના સંબંધોમાં રહેલ ગેરસમજણો દૂર કરવી, હુન્નર, કળા, સંગીત, ગાયન, વાદનનું જ્ઞાન લેવું, બાંધકામ સંબંધિત કામકાજ.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ ત્રિકોણ મૌલિક વિચારના, ચંદ્ર-નેપ્ચ્યૂન પ્રતિયુતિ સંગીતપ્રિય.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ ત્રિકોણ, ચંદ્ર-નેપ્ચ્યૂન પ્રતિયુતિ (તા. ૯)
- ગોચરગ્રહોઃસૂર્ય-તુલા, મંગળ-તુલા, બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-મેષ, શુક્ર-કન્યા, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# અનેક રાજયને નીંદામણ નહિ બાળવા સુપ્રીમ કોર્ટનો આદેશ

### પંજાબ, હરિયાણા, યુપી, રાજસ્થાનને હુકમ કરાયો

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે દિલ્હી - એનસીઆરમાં વધેલા હવાના પ્રદૂષણને ઘટાડવા માટે પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનને નીંદામણ, કણસલા, સાંઠા, ડોડાને બાળવાનું તાત્કાલિક બંધ કરવાનો મંગળવારે આદેશ આપ્યો હતો.

ન્યાયાધીશ સંજય કિશન કૌલ અને ન્યાયાધીશ સુધાંશુ ધૂળિયાની બનેલી બૅન્ચે જણાવ્યું હતું કે દેશની રાજધાનીમાં દર વખતની જેમ આ વખતે પણ હવાનું પ્રદૂષણ વધુ વણસવા નહિ દઇએ.

તેણે પંજાબ સરકારના વકીલને જણાવ્યું હતું કે દર વખતની જેમ આ વખતે સંબંધિત પ્રકરણમાં રાજકીય ઘર્ષણ કે મતભેદ ઊભા થવા ન જોઇએ.

સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે દિલ્હી સરકારે પણ મહાનગરપાલિકાનો ઘન કચરો જાહેરમાં સળગાવવો ન જોઇએ.

સર્વોચ્ચ અદાલતે દિલ્હી - એનસીઆરના પ્રદૂષણને લગતા કેસની વધુ સુનાવણી શુક્રવારે રાખી હતી.

દિલ્હીમાં હવાનું પ્રદૂષણ સતત પાંચ દિવસ 'ઘણું ખરાબ' રહ્યા બાદ મંગળવારે સવારે પણ ખાસ સુધારો નહોતો થયો.

દેશની રાજધાનીમાં હવાના પ્રદૂષણને લીધે શ્વાસ લેવાની તકલીફ, ઉધરસ જેવી બીમારીના દરદીઓ વધ્યા છે.

વિશ્વ આરોગ્ય સંગઠને હવામાં ઘન મીટર દીઠ ૧૫ માઇક્રોગ્રામના કણની મર્યાદાને સારી ગણાવી છે, પરંતુ દિલ્હીમાં આ પ્રમાણ ૩૦થી ૪૦ ગણું છે.

દિલ્હીના અનેક પાડોશી રાજ્યો - હરિયાણા, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં પણ હવાની ગુણવત્તા બહુ ખરાબ છે. મંગળવારે ગાઝિયાબાદમાં હવાની ગુણવત્તાનો નિર્દેશાંક (એક્યૂઆઇ) ૩૩૮, ગુરુગ્રામમાં ૩૬૪, નોએડામાં ૩૪૮, બૃહદ નોએડામાં ૪૩૯ અને ફરિદાબાદમાં ૩૮૨ હતો. (એજન્સી) ■

# ઉત્તર માલીમાં ડ્રોન હુમલામાં ૧૪નાં મોત

બામાકો (માલી)ઃ ઉત્તર માલીમાં બળવાખોરોના ગઢ સમાન વિસ્તાર - કિડાલ ખાતે કરાયેલા શ્રેણીબદ્ધ ડ્રોન હુમલામાં ઓછામાં ઓછા ૧૪ જણ માર્યા ગયા હતા.

કિડાલના મેયર અરબાકાને અગ અબઝાયેકે જણાવ્યું હતું કે હુમલામાં શહેરના ડેપ્યુટી મેયર અને એક સ્થાનિક નગરસેવક પણ માર્યા ગયા હતા.

સંયુક્ત રાષ્ટ્રસંઘના શાંતિરક્ષક દળની અગાઉની છાવણીની પાસે ભેગા થયેલા લોકો પર થયેલા ડ્રોન હુમલામાં માર્યા ગયેલા લોકોમાં બાળકોનો પણ સમાવેશ થાય છે. આ છાવણી એક અઠવાડિયા પહેલાં જ શાંતિરક્ષક દળ દ્વારા ખાલી કરાઇ હતી. બીજો ડ્રોન હુમલો એક લિલામગૃહની નજીક થયો હતો.

માલીના લશ્કરે આ હુમલા અંગે તાત્કાલિક કોઇ માહિતી નહોતી આપી, પરંતુ થોડા દિવસ પહેલાં જણાવ્યું હતું કે અમે કિડાલમાં ત્રાસવાદીઓને લક્ષ્ય બનાવીને ડ્રોનની મદદથી હુમલા કરીશું.

અહીં માલીના લશ્કર અને તુઆરેગ બળવાખોરોની વચ્ચે અથડામણ ફરી શરૂ થઇ છે. અગાઉ, ૨૦૧૫માં સરકાર અને બળવાખોરોની વચ્ચેના શાંતિ કરારનો ભંગ થયો હતો. બળવાખોરોએ ૨૦૧૨માં સલામતી દળોને ઉત્તર માલીમાંથી હાંકી કાઢ્યા હતા અને આ વિસ્તારને સ્વતંત્ર રાષ્ટ્ર જાહેર કર્યું હતું. (એજન્સી) ■

# મતદાનના દિવસે જ છત્તીસગઢના સુકમા જિલ્લામાં વિસ્ફોટ થતા એક કમાન્ડો ઈજાગ્રસ્ત

રાયપુરઃ છત્તીસગઢના સુકમા જિલ્લામાં નક્સલવાદીઓએ કરેલા આઈઈડી-વિસ્ફોટમાં સીઆરપીએફના એક કમાન્ડોને ઈજા થઈ હતી. રાજ્યની વિધાનસભાની ચૂંટણી માટે પ્રથમ તબક્કાનું મતદાન મંગળવારે શરૂ થયું હતું.

ઈમ્પ્રોવાઈઝડ એક્સપ્લોઝિવ ડિવાઈસિસ (આઈઈડી) વિસ્ફોટના પગલે કમાન્ડો બટાલિયન્સ ફોર રિઝોલ્યૂટ એક્શન (સીઓબીઆરએ)ના ઈન્સ્પેક્ટર શ્રીકાન્તને ઈજાઓ થઈ હતી.

ચૂંટણી દરમિયાન બંદોબસ્તની ફરજના ભાગરૂપે સીઆરપીએફ અને સીઓબીઆરએની સંયુક્ત ટીમના જવાનો પેટ્રોલિંગ કરી રહ્યા હતા ત્યારે નક્સલવાદીઓ દ્વારા છુપાવેલા આઈઈડી પર પગ પડ્યો હતો અને વિસ્ફોટ થયો હતો. કોન્ટા વિધાનસભા મતવિસ્તાર હેઠળના ટોન્ડામાર્કા કેમ્પથી એલમાગુન્ડા ગામ તરફના માર્ગ પર આ ઘટના બની હતી.

૯૦ સભ્યની વિધાનસભાની ચૂંટણી માટે પ્રથમ તબક્કાનું મતદાન મંગળવારે કરવામાં આવ્યું હતું.

દરમિયાન, મંગળવારે સુકમા જિલ્લામાં બનેલા બીજા એક બનાવમાં સીઓબીઆરએના બે જવાન સહિત કુલ ચાર સુરક્ષાકર્મી ઈજાગ્રસ્ત થયા હતા. સુકમા જિલ્લાના મિનપા અને દુલેડ ગામ વચ્ચેના જંગલમાં નક્સલવાદીઓ સાથેના એન્કાઉન્ટરમાં ચાર સુરક્ષાકર્મીને ઈજા થઈ હતી.

છિન્તાગુફા પોલીસમથક વિસ્તારમાં ચૂંટણી સંબંધી પેટ્રોલિંગ રાઉન્ડ દરમિયાન બપોરે ૨.૨૦ કલાકે આ બનાવ બન્યો હતો.

સુરક્ષાકર્મીઓ અને નક્સલવાદીઓ વચ્ચેના એન્કાઉન્ટરમાં ચાર જવાનને ઈજા થઈ હતી. તેમને હૉસ્પિટલમાં ખસેડવા હેલિકૉપ્ટરને મોકલવામાં આવ્યું હતું. ■

# અન્ન યોજના લંબાવવાની વડા પ્રધાનની જાહેરાત આચારસંહિતાનું ઉલ્લંઘનઃ કૉંગ્રેસ

નવી દિલ્હીઃ છત્તીસગઢ વિધાનસભાના ચૂંટણીપ્રચાર દરમિયાન પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના લંબાવવાની વડા પ્રધાન મોદીએ કરેલી જાહેરાત ચૂંટણીની આચારસંહિતાનું ઉલ્લંઘન છે તેવો કૉંગ્રેસે મંગળવારે દાવો કર્યો હતો. ચૂંટણી પંચે આ બાબતની નોંધ લેવી જોઈએ અને પગલાં ભરવા જોઈએ તેવું કૉંગ્રેસના મહામંત્રી જયરામ રમેશે એક નિવેદનમાં કહ્યું હતું. સોશિયલ મીડિયાસાઈટ એક્સ પર જયરામ રમેશે કહ્યું કે 'છત્તીસગઢ ચૂંટણીપ્રચાર દરમિયાન વડા પ્રધાને પીએમ ગરીબ કલ્યાણ યોજના લંબાવવાનું જાહેર કર્યું હતું. ચૂંટણીની આદર્શ આચારસંહિતાનું આ ઉલ્લંઘન છે શું ચૂંટણીપંચ આની નોંધ લેશે અને પગલાં ભરશે?' ■

# વર્લ્ડ કપમાં સદી ફટકારનાર અફઘાનિસ્તાનનો પ્રથમ બેટ્સમેન બન્યો ઈબ્રાહિમ ઝદરાન

મુંબઇઃ વર્લ્ડ કપમાં ઑસ્ટ્રેલિયા સામે પ્રથમ બેટિંગ કરતા અફઘાનિસ્તાને ૫૦ ઓવરમાં પાંચ વિકેટ ગુમાવીને ૨૯૧ રન કર્યા હતા. અફઘાનિસ્તાનના ઓપનિંગ બેટ્સમેન ઈબ્રાહિમ ઝદરાને ૧૪૩ બોલમાં ૧૨૯ રનની અણનમ ઇનિંગ રમી હતી.

અફઘાનિસ્તાનના બેટ્સમેન ઈબ્રાહિમ ઝદરાને ઑસ્ટ્રેલિયા સામે ઈતિહાસ રચ્યો હતો. વાસ્તવમાં ઇબ્રાહિમ ઝદરાન વર્લ્ડ કપમાં સદી ફટકારનાર અફઘાનિસ્તાનનો પ્રથમ બેટ્સમેન બની ગયો છે. અત્યાર સુધી અફઘાનિસ્તાન તરફથી કોઈ પણ બેટ્સમેન વર્લ્ડ કપમાં સદી ફટકારવામાં સફળ થયો નહોતો. ઈબ્રાહિમ ઝદરાનની વન-ડે કારકિર્દીની આ પાંચમી સદી છે. ઈબ્રાહિમ ઝદરાને ૨૭ વન-ડે મેચમાં ૫૨.૦૮ની એવરેજથી ૧,૨૫૦ રન કર્યા છે. જેમાં તેણે પાંચ સદી અને પાંચ અડધી સદી ફટકારી છે. આ વર્લ્ડ કપમાં કોઈપણ અફઘાન બેટ્સમેનનો સૌથી મોટો સ્કોર છે. આ પહેલા આ રેકોર્ડ સમીઉલ્લાહ શિનવારીના નામે હતો. વર્લ્ડ કપ ૨૦૨૫માં સમીઉલ્લાહ શિનવારીએ સ્કોટલેન્ડ સામે ૯૬ રનની ઇનિંગ રમી હતી. ■

પહેલા પાનાનું ચાલુ

## વર્લ્ડ કપમાં મેક્સવેલ

જડબામાંથી જીત છીનવી લીધી હતી. મેક્સવેલે કેપ્ટન પેટ કમિન્સ સાથે મળીને ૮મી વિકેટ માટે ૧૭૦ બોલમાં ૨૦૨ રનની અણનમ ભાગીદારી કરી હતી.

૨૯૨ રનના લક્ષ્યનો પીછો કરવા ઊતરેલી ઓસ્ટ્રેલિયન ટીમની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી. ટીમે બીજી ઓવરમાં ટ્રેવિસ હેડ (૦)ના રૂપમાં પ્રથમ વિકેટ ગુમાવી હતી. આ પછી મિશેલ માર્શે ૨૪ રન કરી આઉટ થયો હતો. બાદમાં ડેવિડ વોર્નર ૧૮ રન કરી ઉમરઝઇનો શિકાર બન્યો હતો.

અગાઉ અફઘાનિસ્તાને ઑસ્ટ્રેલિયાને ૨૯૨ રનનો ટાર્ગેટ આપ્યો હતો. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનું પસંદ કરીને અફઘાનિસ્તાને ૫૦ ઓવરમાં પાંચ વિકેટ ગુમાવીને ૨૯૧ રન કર્યા હતા. ઈબ્રાહિમ ઝદરાને ૧૪૩ બોલમાં ૧૨૯ રન અને રાશિદ ખાને ૧૮ બોલમાં ૩૫ રનની અણનમ ઈનિંગ રમી હતી. અંતમાં ઈબ્રાહિમ અને રાશિદ વચ્ચે છઠ્ઠી વિકેટ માટે ૨૮ બોલમાં ૫૮ રનની અણનમ ભાગીદારી થઈ હતી. અફઘાનિસ્તાને છેલ્લી પાંચ ઓવરમાં ૬૪ રન કર્યા હતા અને માત્ર એક વિકેટ ગુમાવી હતી.

સારી શરૂઆત મેળવ્યા બાદ અફઘાન ટીમે આઠમી ઓવરમાં રહેમાનુલ્લાહ ગુરબાઝના રૂપમાં પ્રથમ વિકેટ ગુમાવી હતી. બીજી વિકેટ માટે ઈબ્રાહિમ ઝદરાન અને રહેમત શાહે ૮૩ રનની ભાગીદારી કરી હતી. રહેમતે ૩૦ રનની ઇનિંગ રમી હતી. કેપ્ટન હશમતુલ્લાહ શાહિદીએ ૨૬ રન કર્યા હતા.

આ પછી ચોથી વિકેટ માટે અઝમતુલ્લા ઓમરઝાઈ અને ઈબ્રાહિમ ઝદરાન વચ્ચે સારી ભાગીદારી થઇ હતી. ઓમરઝાઇ ૨૨, મોહમ્મદ નબી ૧૨ રન કરી આઉટ થયો હતો. રાશિદે ૧૮ બોલમાં અણનમ ૩૫ રન કર્યા હતા. જ્યારે ઈબ્રાહિમ ઝદરાન ૧૨૯ રનના સ્કોર પર અણનમ પરત ફર્યો હતો.

ઑસ્ટ્રેલિયા તરફથી જોશ હેઝલવુડે સૌથી વધુ બે વિકેટ ઝડપી હતી. આ સિવાય મિશેલ સ્ટાર્ક, ગ્લેન મેક્સવેલ અને એડમ ઝમ્પાને એક-એક સફળતા મળી હતી. ■

## મિઝોરમ, છત્તીસગઢ

સરકારના ઓછામાં ઓછા ત્રણ પ્રધાનનું રાજકીય ભાવિ નક્કી થશે. સુકમા, નારાયણપુર, બિજાપુર અને કાન્કેર જિલ્લામાં હિંસાની નાની ઘટના બની હતી. સુકમા જિલ્લાના ચિંતાગુફા પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં નકસલવાદીઓ સાથેની અથડામણમાં સલામતી દળોના ચાર જવાન ઘાયલ થયા હતા. તોન્ડામાર્કા કેમ્પની નજીક થયેલા ધડાકામાં કેન્દ્રીય અનામત પોલીસ દળનો જવાન ઘાયલ થયો હતો.

મિઝોરમમાં મંગળવારે ૮.૫૭ લાખ મતદારે ૧૮ મહિલા સહિત ૧૭૪ ઉમેદવારનું રાજકીય ભાવિ નક્કી કર્યું હતું. મધ્ય મિઝોરમના સેચથીપ ખાતે સૌથી વધુ (૮૪.૪૯ ટકા) મતદાન થયું હતું. તે પછી હનાહાથીઆલ ખાતે ૮૪.૧૬ ટકા, જ્યારે ખવઝાવલ ખાતે ૮૨.૩૯ ટકા મતદાન થયું હતું.

મિઝોરમમાં શાસક મિઝો નેશનલ ફ્રંટ, મુખ્ય વિપક્ષ ઝોરામ પીપલ્સ મૂવમેન્ટ અને કૉંગ્રેસે બધી (૪૦) બેઠક પર પોતાના ઉમેદવાર ઊભા રાખ્યા છે.

મતગણતરી ત્રીજી ડિસેમ્બરે થવાની છે.

મુખ્ય પ્રધાન ઝોરામથંગા આઇઝોલ ખાતે મતદાન કરવા ગયા હતા, પરંતુ ત્યારે ઇલેક્ટ્રોનિક વૉટિંગ મશીનમાં ટૅક્નિકલ ખામી સર્જાઇ હતી.

રાજકીય નિષ્ણાતો મિઝોરમમાં મિઝો નેશનલ ફ્રંટ અને ઝોરામ પીપલ્સ મૂવમેન્ટની બળાબળની કસોટી થવાની હોવાનું માને છે.

મિઝોરમમાં ચૂંટણીની પહેલા મ્યાનમાર સાથેની ૫૧૦ કિલોમીટર લાંબી સરહદ અને બંગલાદેશ સાથેની ૩૧૮ કિલોમીટર લાંબી સીમા સીલ કરાઇ હતી. (એજન્સી) ■

## ગુજરાતમાં હવે ગાજ્યું

બિયારણ માફિયાઓ સામે કડક કાર્યવાહી કરવા અને તેમનું લાઇસન્સ રદ્દ કરવાનું પણ તેમણે પત્રમાં જણાવ્યું હતું. જેથી સરકારે તેમના પત્રને ધ્યાનમાં રાખી બિયારણ માફિયા અંગે કાર્યવાહી કરવા તાત્કાલિક બેઠક બોલાવી હોવાનું જાણવા મળ્યું છે.

ઉલ્લેખનીય છે કે, નકલી બિયારણ મુદ્દે રાજ્યસભાના સાંસદ રામ મોકરિયાના પત્ર બાદ ગાંધીનગરમાં ખળભળાટ મચી ગયો હતો. આ મામલે તેમણે વધુમા જણાવ્યું હતું કે હું પણ ખેડૂત પુત્ર છું અને કૃષિ પ્રધાન રાઘવજી પટેલ સાથે મારે વાત થયા પછી જ પત્ર લખ્યો હતો. નકલી બિયારણ વેંચતા વેપારીઓ સામે કડક કાર્યવાહી કરવાના સૂચનની સાથે સાથે કડક કાયદો બનાવી આવા વેપારીઓના લાઇસન્સ પણ રદ્દ કરવા જોઈએ એવું મોકરિયાએ પત્રમાં લખ્યું હતુ.એટલું જ નહીં જે વેપારી પકડાય તેની પાસેથી ખેડૂતોના નુકસાનની પણ ભરપાઈ કરાવવી જોઈએ એવો ઉગ્ર મત પણ તેમણે વ્યકત કર્યો હતો. ઉત્તર ગુજરાતમાં નકલી બિયારણ વેચાતુ હોવાનું થોડું ધ્યાનમાં આવ્યું હોવાનો નિર્દેશ તેમણે કર્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'સરકારની આંખ અને કાન બનીને મને જાણ થાય એટલે હું સરકારમાં રજૂઆત કરું છું, ખાદ્ય પદાર્થોમાં પણ ભેળસેળ અંગે મેં સરકારમાં રજૂઆત કરી છે. ખેડૂતોને નકલી બિયારણને કારણે નુકસાન જાય છે, પાણીનો બગાડ અને મહેનત તેમજ સમયનો વ્યય થાય છે. મારી રજૂઆત અંગે સરકાર પણ પગલાં લે છે તેથી મને સંતોષ છે. ૨૩ ઓક્ટોબરના મેં આ પત્ર લખ્યો હતો. સરકારે તાત્કાલિક અસરથી બેઠક બોલાવી છે.'

રામ મોકરિયાના નકલી બિયારણના પત્ર મામલે કૃષિ પ્રધાન રાઘવજી પટેલે અધિકારીઓની બેઠક બોલાવી છે. નકલી બિયારણ પકડવા અંગેની કામગીરી અને આવેલી ફરિયાદ સંદર્ભે આ બેઠકમાં ચર્ચા થશે. ખેડૂતોને પણ બિલ વગર કોઈ બિયારણ ન ખરીદવા અપીલ કરવામાં આવી છે.

આ પૂર્વે પણ એક સિનિયર નેતા મારા કરોડો રૂપિયા ચાઉં કરી ગયા એવા આક્ષેપો સાથેની તેમની પોસ્ટે રાજકારણમાં ભારે ખળભળાટ મચાવ્યો હતો. હવે તેમણે નકલી બિયારણ મુદ્દે સરકાર સામે મોરચો માંડ્યો છે. નકલી બિયારણના વેચાણના તેમના એક પત્રના પડઘા ગાંધીનગરમાં પડ્યા છે. આ પત્ર બાદ કૃષિ મંત્રી દ્વારા તાત્કાલિક બેઠક બોલાવાઈ છે.

મોટા ભાગે બી.ટી કપાસનું નકલી બિયારણ વેચાતું હોવાથી ખેડૂતોને નુકસાન જાય છે. કપાસ પકવતા ખેડૂતો જ નકલી બિયારણની જાળમાં ફસાતા હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. ■

## કેન્યા અને સોમાલિયા

સ્થળાંતર કરવાની હાકલ કરી હતી. સોમિલાયામાં સતત ચાર વર્ષની દુષ્કાળની પરિસ્થિતિ બાદ ભારે વરસાદ પડ્યો છે.

પાડોશી કેન્યામાં, કેન્યા રેડ ક્રોસે જણાવ્યું હતું કે, શુક્રવારથી ભારે વરસાદ શરૂ થયો ત્યારથી મૃત્યુઆંક વધીને ૧૫એ પહોંચી ગયો છે. જેમાં બંદર શહેર મોમ્બાસા અને ઉત્તરપૂર્વીય કાઉન્ટીઓ મંડેરા અને વજીર સૌથી વધુ અસરગ્રસ્ત છે. રવિવાર સુધીમાં અચાનક પૂરના કારણે ૨૪૧ એકર ખેતીની જમીનનો નાશ થયો હતો અને ૧,૬૦૭ પશુઓના મોત થયા હતા. ઇથોપિયાના સોમાલી પ્રદેશમાં પણ ભારે વરસાદ અને પૂર આવ્યાના અહેવાલો છે. જ્યાં પૂરના પાણીથી ઘરો અને ખેતીની જમીનો નાશ પામ્યા બાદ હજારો લોકોને તેમના ઘર છોડવાની ફરજ પડી છે. ■

## બિહારમાં પછાત વર્ગ

હતી. બિહારમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિને કુલ ૧૭ ટકા અનામતનો લાભ મળે છે, તે વધારીને ૨૨ ટકા કરવાની યોજના છે. આ ઉપરાંત, અન્ય પછાત વર્ગના લોકોને મળતો અનામતનો લાભ હાલના પચાસ ટકાથી વધારીને ૬૫ ટકા કરવા સરકાર પગલાં લેવાની છે.

નીતીશ કુમારે જણાવ્યું હતું કે બિહાર સરકાર રાજ્યના ૯૪ લાખ ગરીબ પરિવારોને આવકનું સાધન વધારવા માટે (કુટુંબ દીઠ) રૂપિયા બે લાખની મદદ કરશે.

બિહારમાં અન્ય પછાત વર્ગ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિને અનામતનો વધુ લાભ અપાય, તો દેશના અન્ય રાજ્યોમાં પણ આવી માગણી થવાની પૂરી શક્યતા છે. બિહારમાં માસિક રૂપિયા છ હજાર કે તેનાથી ઓછી આવક ધરાવતા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના પરિવારોની ટકાવારી ૪૨ ટકા છે. અગાઉ, કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે આક્ષેપ કર્યો હતો કે બિહારમાં વસતિગણતરીમાં મુસ્લિમો અને યાદવોની જનસંખ્યાની ટકાવારી વધી હોવાનો દાવો ખોટો છે. (એજન્સી) ■